ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2086/10/2023** **તા.04/11/2023**

**આજરોજ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ ખાતે આશરે 12 લાખ થી વધુ નાગરિકોના આરોગ્ય કલ્યાણ હેતુ નવનિર્મિત વિમ્સ મલ્ટી સ્પેશયાલિટી હોસ્પિટલનો ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો.**

---

**છેવાડાના માનવીનો વિકાસ તેમજ તેને મુખ્ય પ્રવાહમાં વિકાસ કરીને આગળ વધારવા માટેના પગલાં માન.મોદી સાહેબે લીધા છે:- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

---

**માન.નરેન્દ્રભાઈ મોદી સાહેબે સ્વાસ્થ્ય, શિક્ષણ અને સુરક્ષાનો મજબૂત પાયો ગુજરાત નહીં બલ્કે સમગ્ર દેશમાં નાખ્યો છે:- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

---

**આયુષ્યમાન યોજના આખા દેશમાં શરૂ કરી ત્યારે વિરોધીઓ કહેતા હતા કે, આ યોજના ચાલશે જ નહીં આખા વિશ્વની સૌથી મોટી યોજના શરૂ થઈ અને તેનો લાભ દેશના દરેક નાગરિકને મળે છે:- શ્રી સી.આર.પાટીલ**

---

**નવા અભિગમ સાથે અને સુવિધાસભર હોસ્પિટલ બનાવી છે જેથી જીલ્લાના તમામ પ્રજાજનોને મુશ્કેલી નહીં પડે તેથી માયાભાઇ અને તેમની ટીમને ખૂબ ખૂબ અભિનંદન:- શ્રી સી.આર.પાટીલ**

---

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ ખાતે આશરે 12 લાખ થી વધુ નાગરિકોના આરોગ્ય કલ્યાણ હેતુ નવનિર્મિત વિમ્સ મલ્ટી સ્પેશયાલિટી હોસ્પિટલનો ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંબોધન કરતાં જણાવ્યુ કે, આપણાં વિઝનરી લીડર માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે હરહંમેશ સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસથી આગળ કઈ રીતે વધી શકાય તેની ચિંતા કરી છે. છેવાડાના માનવીનો વિકાસ તેમજ તેને મુખ્ય પ્રવાહમાં વિકાસ કરીને આગળ વધારવા માટેના પગલાં માન.મોદી સાહેબે લીધા છે. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org
75 આઝાદી કા અમૃત મહોત્સવ

સાહેબ 2006 માં કહેતા કે આ સફેદ રણને લોકો દેશ અને દુનિયામાંથી જોવા માટે આવશે અને તે 2023 માં G20 સમિટમાં સમગ્ર વિશ્વના વડાઓ ત્યાં હાજર હતા આ વિઝનરી માત્ર નરેન્દ્રભાઈ મોદીજીમાં જ હોઈ શકે.

શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવ્યુ કે, પહેલાના સમયમાં લોકો 50 વર્ષ પછી કઇંક જણાય તો માત્ર ચેકઅપ કરાવવાનો વિચાર કરતાં પરંતુ અત્યારના સમયે 40 ના દસકામાં ળકોને ઘણી બીમારીઓનો સામનો કરવો પડે છે અને તેના માટે માન.નરેન્દ્રભાઈએ પ્રાકૃતિક ખેતી તરફ વળવાનો નવતર પ્રયાસ કર્યો જેથી બે સ્વાસ્થ્ય સુધરે એક જમીન તેમજ એક પ્રજાજનો. આ અભિગમને ગુજરાત સરકારે પણ કર્યો છે અને આજે લગભગ સાત લાખ જેટલા ખેડૂતો આ પ્રકૃતિક ખેતી તરફ વળ્યા છે. માન.નરેન્દ્રભાઈ મોદી સાહેબે સ્વાસ્થ્ય, શિક્ષણ અને સુરક્ષાનો મજબૂત પાયો ગુજરાત નહીં બલ્કે સમગ્ર દેશમાં નાખ્યો છે. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવ્યા પછી આજે જ્યારે અમૃત કાળમાં પ્રવેશ્યા છીએ અને વિકસિત ભારતનો જે સંકલ્પ કર્યો છે તે સંકલ્પમાં આપણે સૌ સાથે મળી વિકસિત ગુજરાત બનાવીએ.

શ્રી સી.આર.પાટીલજીએ જણાવ્યુ કે, માયાભાઇ પોતે ડોક્ટર નથી પરંતુ તેમણે અને તેમના મિત્રોએ આ નવા અભિગમ સાથે અને સુવિધાસભર હોસ્પિટલ બનાવી છે જેથી જીલ્લાના તમામ પ્રજાજનોને મુશ્કેલી નહીં પડે તેથી માયાભાઇ અને તેમના મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન. માયાભાઇ અને તેમના મિત્રોએ તેમજ ડોક્ટરોઈની ટિમ સાથે આ હોસ્પિટલની શરૂઆત કરી છે અહી આવનાર પેશન્ટોને સારામાં સારી સારવાર મળે, એ પેશન્ટ ઝડપથી સાજો થાય અને સ્વસ્થ થઈને ઘરે જાય તે પ્રકારની સગવડ અહિયાં કરવામાં આવી છે તેવી મને અપેક્ષા પણ છે અને તેમને શુભેચ્છાઓ પણ છે. મને વિશ્વાસ છે કે આ સેવા ભાવનાથી શરૂ કરેલી આ હોસ્પિટલ આ વિસ્તારના લોકો માટે વરદાન સાબિત થનાર છે.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યુ કે, જેમ અહિયાં આપ સૌ માટે માયાભાઇ આહીરએ હોસ્પિટલની સુવિધા કરી છે તેમ તેના સારવારના બિલ ચૂકવવાની વ્યવસ્થા પણ માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે તેમજ આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજીએ કરી છે. આયુષ્યમાન યોજના હેઠળ 5 લાખ રૂપિયા સુધીની સારવારના તમામ ખર્ચ કેન્દ્રસરકાર આપે છે. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના શબ્દો હતા કે, ગામમાં કોઈ વડીલ માં કે બાપ બીમાર પડે અને તેમને જણાય કે બીમારી ખૂબ ગંભીર છે ત્યારે તે તેમના દીકરાને જણાવે નહીં અને વેદના સહન કરીને મોતને ભેટતા હતા. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યું કે, હું તેમનો દીકરો છું એમના ખર્ચની જવાબદારી હું લઉં છું. આ આયુષ્યમાન યોજના આખા દેશમાં શરૂ કરી ત્યારે વિરોધીઓ કહેતા હતા કે, આ યોજના ચાલશે જ નહીં આખા વિશ્વની સૌથી મોટી યોજના શરૂ થઈ અને તેનો લાભ દેશના દરેક નાગરિકને મળે છે. મોદી સાહેબે 5

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

લાખની સુવિધા આપી અને આપણાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની રાજ્ય સરકારે 5 લાખની સહાય આપી એમ કુલ મળી ગુજરાતના નાગરિકોને 10 લાખ સુધીની સારવાર આયુષ્યમાન યોજના હેઠળ મળે છે.

આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના કેબિનેટ મંત્રીશ્રી મુળુભાઇ બેરા, સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્યશ્રીઓ શ્રી ડૉ,પ્રધ્યુમનભાઈ વાઝા, શ્રી ભગવાનભાઈ બારડ, શ્રી કે.સી. રાઠોડ, શ્રી, જીલ્લા પ્રમુખશ્રી મહેન્દ્રભાઇ પીઠિયા, પૂર્વ ધારાસભ્યશ્રી અમરીશભાઈ ડેર, શ્રી રઘુભાઈ હુંબલ, શ્રી ઝવેરીભાઇ ઠકરાર, જીલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મંજુલાબેન મુચ્છડ, વેરાવળના પ્રમુખશ્રી પલ્લવીબેન જાની, આદરણીય સંતશ્રીઓ શેરનાથજી બાપુ, શ્રી ઇન્દ્રભારતી બાપુ, શ્રી બાલકનાથ બાપુ, શ્રી જયવિરનાથ બાઔ, કાર્યક્રમના આયોજક તેમજ સાહિત્યકારશ્રી માયાભાઇ આહીર સહિત હોદ્દેદારશ્રીઓ તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)